વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

સંત સરોવરના પુન : નિર્માણ પાછળ ૧૨૯ કરોડનો ખર્ચ

૪૮૦૦ હેક્ટરને સિંચાઇનો લાભ

ગાંધીનગરમાં ઇન્દ્રોડા ખાતે સ્થિત સંત સરોવરના પુન : નિર્માણમાં કુલ કેટલો ખર્ચ થયો ? ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાના પ્રશ્નના જવાબમાં જળસંપત્તિ મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ સંત સરોવરના પુન : નિર્માણમાં ૧૨૯.૬૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે પેટા પ્રશ્નના ઉત્તરમાં જણાંવ્યા અનુસાર આ યોજનાથી શહેર અને તાલુકાને ૪૮૦૦ હેકટરમાં સિંચાઇનો લાભ મળ્યો છે.

- **ગાંધીનગર જિલ્લામાં ૧૩૮ .૪૮ એમ એલ ડી પાણીનો વપરાશ**

ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણીના જથ્થાની અંદાજિત જરૂરિયાત કેટલી છે જયારે ઉનાળા દરમિયાન પાણીની સમસ્યા ન સર્જાય તે માટે સરકારે શુ આયોજન કર્યુ છે ? માણસાના ધારાસભ્ય સુરેશ પટેલના પ્રશ્ન અંગે પાણી પુરવઠા મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ જિલ્લામાં ૧૩૮.૪૮ એમ એલ ડી પીવાના પાણીની અંદાજીત જરૂરિયાત છે. જયારે આગામી ઉનાળા દરમિયાન પાણીની સમસ્યા ન સર્જાય તે માટે નર્મદા તેમજ સ્થાનિક સોર્સ આધારિત જુથ પાણી પુરવઠા યોજનાનુ સુચારુ રૂપે મરામત અને નિભાવણી કરી ગામોને પાણી પહોંચાડવાની વ્યવસ્થા ઉપરાંત સ્થાનિક સોર્સ હેન્ડપંપ તેમજ બોર આધારિત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે. વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જરૂર જણાંય તેવા કીસ્સામાં ગામોને ટેન્કર દ્વારા પણ પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવશે.

- **બે વર્ષમાં ૨૨૮૭ ઝુંપડાઓમાં વિજજોડાણ અપાયુ**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘરવપરાશના વિજ જોડાણો આપવા માટે ઝુંપડા વિજળીકરણ યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને વિજ જોડાણ આપવામાં આવ્યા અને તેમાં કેટલો ખર્ચ થયો ? દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના જવાબ સંદર્ભે ઉર્જા મંત્રીએ આપેલા લેખિત જવાબમાં જણાંવ્યા મુજબ બે વર્ષમાં ૨૨૮૭ લાભાર્થીઓને વિજજોડાણ આપવામાં આવ્યા છે. જયારે આ અન્વયે રૂ ૧૧૪.૫૧ લાખનો ખર્ચ થયો છે.

- **દહેગામના ખાનપુર એપ્રોચ માર્ગને પહોળો કરવા ૧.૩૫ કરોડ ખર્ચાશે**

દહેગામના ધારાસભ્યએ રજુ કરેલા દહેગામ તાલુકાના ખાનપુર એપ્રોચમાર્ગને પહોળો કરવાના પ્રશ્ન અંગે માર્ગ મકાન મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ

દહેગામ તાલુકાના ખાનપુર એપ્રોચ માર્ગને પહોળો કરવા માટે રૂ ૧૩૫ લાખના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જયારે આ કામગીરીને ધ્યાને લઇ ડી ટી પી પણ મંજુરી હેઠળ છે.

- **ગ્રાહકોને પુરતા દબાણથી વિજપુરવઠો પુરો પાડવા ૨૪ ફીડરોનુ વિભાજન**

ગાંધીનગર જિલ્લામાં ગ્રાહકોને પુરતા દબાણથી વિજપુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનુ વિભાજન કરવામાં આવ્યુ ? ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યસભા માટે 'ઘીના ઠામમાં ઘી'

કિરીટસિંહ રાણા અને પી. કે. વાલેરાએ ઉમેદવારીપત્રો પાછા ખેંચતા સ્પષ્ટ થયેલુ ચિત્ર : પુરુષોત્તમ રૂપાલા, મનસુખ માંડવીયા, અમીબેન યાજ્ઞિક અને નારણ રાઠવા બિનહરીફ જાહેર થશે

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતમાં રાજ્યસભાની ૪ બેઠકો આજે ભાજપના બે અને કોંગ્રેસના એક ઉમેદવારે ઉમેદવારી પત્ર પાછુ ખેંચતા ભાજપ કોંગ્રેસના બે-બે ઉમેદવારો બિનહરિફ વિજેતા થયા છે.

રાજ્યસભાની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્ર પાછુ ખેંચવાના અંતિમ દિવસે બપોરે ૨.૩૦ વાગ્યા પછી ભાજપ અને કોંગ્રેસના વધારાના ઉમેદવારોએ આવી એક સાથે ઉમેદવારી પત્ર પાછુ ખેંચી રાજ્યસભાની ચૂંટણીને ટાળી હતી.

ભાજપના કીરીટસિંહ રાણા, રજનીભાઈ પટેલ અને કોંગ્રેસના પી.કે. વાલેરાએ આજે માંડવિયા,



રૂપાલા, અમીબેન યાજ્ઞિક અને નારણ રાઠવાની તરફેણમાં ઉમેદવારી પત્ર પાછુ ખેંચવાની કાર્યવાહી કરી હતી. આ પ્રસંગે ભાજપમાંથી પ્રદેશ પ્રમુખ વાઘાણી, રાજ્ય ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા, દંડક પંકજ દેસાઈ, પ્રદેશ અગ્રણી પરેન્દુ ભગત, કોંગ્રેસ પક્ષના નેતા પરેશ ધાનાણી, ઉપનેતા શૈલેષ પરમાર, સુખરામભાઈ રાઠવા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

ત્રણેય ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પાછા ખેંચતા ૪ બેઠકો માટે ૪ ઉમેદવારો જ મેદાનમાં રહેતાં તે બિનહરિફ વિજેતા જાહેર થયા હતા. કોંગ્રેસની રાજ્યસભામાં ગુજરાતમાંથી બે બેઠક મળતાં તેના તાકાતમાં વધારો થયો છે જયારે ભાજપે બે બેઠક ગુમાવી છે.

આજે સવારથી જ રાજ્યસભામાં ભાજપ ત્રીજો ઉમેદવાર મેદાનમાં ઉતારશે અને જંગ જામશે તેવી વાતો રાજકીય વર્તુળોમાં સાંભળવા મળતી હતી પરંતુ બપોરે વિધાનસભા ગૃહના વિરામ બાદ તુરત જ ઉમેદવારોએ એક સાથે આવી ઉમેદવારી પત્ર પાછા ખેંચ્યા હતા.

સરકારના નિર્ણયના પાલન માટે શાળા સંચાલકો સામે સરકારની લાલ આંખ

ગાંધીનગર, તા.૧૫

રાજયમાં જિલ્લા તંત્રની પૂર્વ મંજૂરી વિના પ્રાથમિક શાળાના સમયમાં ફેરફાર કરવાના સંચાલકોના નિર્ણય સામે સરકારે લાલ આંખ કરીને આવું કરનાર સંચાલકોને નોટીસ ફટકારી જરૂરી કાર્યવાહી કરવાની સૂચનાઓ આપી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સરકારને મળેલ રજુઆતોમાં પ્રાથમિક શાળામાં ૨ થી ૩ કલાકનું જ શિક્ષણ આપવામાં આવી રહ્યું હોવાથી શૈક્ષણિક બાબતો પર માઠી અસર પડી રહી છે. ગરમી હજુ એવી શરૂ થઈ નથી અને પીવાના પાણીની સમસ્યા પણ નથી તો આવો ફેરફાર યોગ્ય નથી.

આ રજુઆતોમાં સરકારના જ પરિપત્રને ટાંકી પ્રાથમિક શિક્ષણ ઓછામાં ઓછું ૪ કલાક અને ધો-૬ થી ૮ના શિક્ષણમા પાંચ કલાકનું વર્ગ કાર્ય કરવાનું જણાવ્યું છે. પરંતુ સરકારની આ સૂચનાનું પાલન થતું નથી. સરકારે આ પરિપત્ર ૨૦૧૧માં જ કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે ગણિત અને એસએસસીમાં સમાજિક વિજ્ઞાનનુ પેપર

ગાંધીનગર તા ૧૫

ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાના ત્રીજા દિવસે આજે વિજ્ઞાન પ્રવાહમાં કોઇ વિષયની પરીક્ષા ન હતી. જયારે સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓએ વાણિજય વ્યવહાર તેમજ ભુગોળની પરીક્ષા આપી હતી. જેમાં એસ પી સી સી ના પેપર માં ૩૦ અને ભુગોળમાં ૯૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. શિક્ષણતંત્રના જણાંવ્યા મુજબ જિલ્લામાં એક પણ કોપી કેસ નોંધાયો ન હતો. વિદ્યાર્થીઓએ શાંતિપુર્ણ અને ભયમુકત માહોલમાં પરીક્ષા આપી હતી. ધોરણ -૧૦ માં આજે સામાજિક વિજ્ઞાન અને ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગણિત વિષયની પરીક્ષા લેવાશે.

ધોરણ -૧૦ અને ૧૨ ની બાર્ડ પરીક્ષા અન્વયે વિદ્યાર્થીઓએ બે મહત્વના વિષયોની કસોટી પાર કરી છે. જયારે પરીક્ષાના પ્રારંભિક તબક્કામાં જ બન્ને વિષયોના પેપરો સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર વ્યાપી હતી. ધોરણ -૧૨ માં પણ ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો લીધો હતો. જયારે ધોરણ -૧૦ માં પણ ગુજરાતી અને વિજ્ઞાનનુ પેપર સરળ પુરવાર થયુ છે. જયારે આજે ધોરણ -૧૦ અને ૧૨ ના વિવિધ વિષયોની પરીક્ષામાં રજા હતા. જો કે ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહમાં આજે ભુગોળ અને સી સી વિષયની પરીક્ષા વિદ્યાર્થીઓએ આપી હતી. જિલ્લામાંથી ૩૩૨૧ વિદ્યાર્થીઓએ સી સી ની પરીક્ષા આપી હતી. જયારે ૪૧૩૦ વિદ્યાર્થીઓએ ભુગોળની કસોટી આપી હતી. પરીક્ષા દરમિયાન એક પણ કોપી કેસ નોંધાયો ન હોવાનુ શિક્ષણતંત્રએ જણાંવ્યુ છે. ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે ગણિતની મહત્વની કસોટી વિદ્યાર્થીઓ આપશે. જયારે ધોરણ -૧૦ માં પણ આજે સામાજિક વિજ્ઞાન વિષયની પરીક્ષા લેવાશે.

ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખપદ માટે ભાજપ ઉમેદવાર મુકશે

ગાંધીનગર, તા.૧૫

આગામી ૨૦મીએ યોજાનાર તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણીમાં ભાજપે પણ ઝુકાવવાનો નિર્ણય કરી લીધો છે અને આ માટે ઉમેદવારોને ૧૮મીની બેઠકમાં મેન્ડેટ આપી દેવામાં આવશે.

ભાજપના જિલ્લા આગેવાનોની પ્રદેશ અગ્રણીઓ સાથેની મળેલી બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવ્યો છે.

તાજેતરમાં યોજાયેલ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપને ૧૫ અને કોંગ્રેસને ૧૮ બેઠક મળી હતી જયારે ત્રણ અપક્ષ ઉમેવદારો વિજેતા જાહેર થયા છે. આ ત્રણ પૈકી બે અપક્ષોએ કોંગ્રેસનું સમર્થન કરવાનો નિર્ણય લઈ લીધો છે. આ સાથે કોંગ્રેસના સભ્યોનો આંક ૨૦ પર પહોંચ્યો છે.

જો કે ભાજપના નેતાઓના દાવા મુજબ કોંગ્રેસનો આ જંગમાં પરાજય થશે અને સત્તા ભાજપને મળશે. આ માટેની વ્યુહરચના તૈયાર થઈ ગઈ હોવાનું પણ પક્ષના સૂત્રોએ જણાવ્યું છે.

બીજી તરફ કોંગ્રેસના સભ્યો હાલ પ્રવાસમાં છે અને તેઓ ૧૮મીએ રાત્રે અથવા ૧૯મીએ સવારે ગાંધીનગર પરત આવશે.

પ્રાંત અધિકારીશ્રીની અધ્યક્ષતામાં ચૂંટણી પ્રક્રિયા તાલુકા પંચાયતના સભાખંડમાં હાથ ધરવામાં આવશે. આ માટે ૧૯મીએ ઉમેદવારી પત્રો ભરવાના રહેશે.

શ્રદ્ધાંજલિ

સ્વ. દિવ્યાબેન પ્રબોધભાઈ રાવલ

પરોપકાર આપનું રટણ હતું
સત્કાર્યોની સુવાસ આપની શોભા હતી.
વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના આપની પ્રેરણા હતી.
લાગણી, પ્રેમ અને વાત્સલ્યમાં તરબોળ કરતી આપની મહાન આભા
ક્યારેય વિસરાશે નહી.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

ડો. અરૂણભાઈ વ્યાસા (ચેરમેન)
ડો. અંજનાબહેન વેદ
યોગીનીબહેન ત્રિવેદી
જશોદાબહેન જોષીયારા
કુસુમબહેન પરમાર
સંગીતાબહેન ભટ્ટ
દક્ષાબહેન સોલંકી
સ્મિતાબહેન જહા
અરૂણાબહેન ગજ્જર
કુમુદબહેન જોષી
સાવિત્રીબહેન ગોહેલ
સરોજબહેન દેસાઈ
મંજુલાબેન ભલગામી

શર્મિષ્ઠાબહેન એન. દવે (પ્રમુખ)
હિતેષીબહેન ભટ્ટ
ઉષાબહેન ગજ્જર
મંદાબહેન ધોળકીયા
લીનાબહેન મહેતા
હંસાબહેન જોષી
ભાનુબહેન ભટ્ટ
પ્રતિમાબહેન શાહ
પલ્લવીબહેન ગુપ્તે
ચેતનાબહેન બુચ
યેશાલીબહેન જોષી
સાબેરાબહેન દેસાઈ

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ
ગાંધીનગર શાખા સભ્ય પરિવાર

પાનખરનો પરમ વૈભવ - પાટનગરનો પ્રાકૃતિક વૈભવ માણવાની દંષ્ટિ એક વખત કેળવાઈ જાય તો આપણો પ્રકૃતિ પ્રેમ પ્રગટતો અને પ્રસરતો જાય... પાનખરની બીક ના બતાવો - પંક્તિમાં કવિ પ્રાકૃતિક સત્યનો સ્વીકાર કરવા સહજ સમજાવે છે... અને પાટનગરમાં આ સહજ સમજાય છે... પ્રાકૃતિક વૈભવ માણનારું નગર પાનખરનો વૈભવ પણ હસતા-હસતા માણે ત્યારે જગતના બધા સત્યો આત્મસાત થાય છે...

કોંગ્રેસના સસ્પેન્ડેડ સભ્યોને દિલ્હીનું તેડું

ગૃહમાં ગરિમા હણાતાં કોંગી હાઇકમાન્ડે નોંધ લીધી : આજથી દિલ્હીમાં કોંગ્રેસનું ૩ દિવસનું રાષ્ટ્રીય અધિવેશન દેશભરમાંથી કોંગ્રેસના નેતા તેમજ ધારાસભ્યો ભાગ લેશે

ગાંધીનગર,તા. ૧૫

ગુજરાત વિધાનસભામાં ગઈકાલે ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યો વચ્ચે છુટ્ટા હાથની મારામારી અને ગાળાગાળીની કલંકિત ઘટનાના પડઘા છેક દિલ્હી સુધી પડયા છે. ખાસ કરીને ભાજપના ધારાસભ્ય પર માઇક વડે હુમલો કરનાર અને ગૃહમાં બબાલ કરનારા કોંગ્રેસના સસ્પેન્ડેડ ધારાસભ્યો પ્રતાપ દુધાત, અમરીષ ડેર અને બળદેવ ઠાકોરને દિલ્હી હાઇકમાન્ડનું તેડું આવ્યું છે. વિધાનસભા ગૃહમાં લોકશાહીની ગરિમા હણાતાં ખુદ કોંગી હાઇકમાન્ડે તેની ગંભીર નોંધ લીધી છે અને તેથી સસ્પેન્ડેડ ધારાસભ્યોને શીખ અને ખાનગીમાં ઠપકો આપવાના આશયથી તેઓને દિલ્હી બોલાવાયા હોવાનું ચર્ચાઇ રહ્યું છે. સસ્પેન્ડેડ ધારાસભ્યો પ્રતાપ દુધાત, અમરીષ ડેર અને બળદેવ ઠાકોર આજે મોડી રાત્રે અથવા આવતીકાલે દિલ્હી પહોંચે તેવી શકયતા છે. જો કે, તાજી જાણકારી પ્રમાણે બળદેવ ઠાકોરને પક્ષ દ્વારા બનાસકાંઠા જિલ્લા પંચાયતની મહત્વની જવાબદારી સોંપાઈ હોવાથી તેઓ હાલ જવાના નથી તેવી વિગતો જાણવા મળી રહી છે. ગુજરાત વિધાનસભા ગૃહની કલંકિત ઘટનાને લઇ તેની ગંભીરતા સમજી કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત પણ આવતીકાલે દિલ્હી પહોંચી રહ્યા છે અને કોંગી હાઇકમાન્ડ સાથે તેઓ પણ કોંગ્રેસના ગુજરાતના સસ્પેન્ડેડ ધારાસભ્યો સાથે ચર્ચા કરે તેવી શકયતા છે. બીજીબાજુ, આવતીકાલથી ત્રણ દિવસ માટે

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com